ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૩-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

રાજકારણમાં અભિનેતાઓનું ભાવિ

ચૂંટણી આવતાંની સાથે નેતાઓની નજર અભિનેતાઓ તરફ વળી જતી હોય છે. અભિનેતાઓ ગ્લેમરની દુનિયામાં રહેતા હોઈ પ્રજા એમને ફિલ્મ કે ટીવી સિરિયલનામાધ્યમથી ઓળખતી હોય છે. વિશેષણે મહિલા વર્ગ અને યુવાનો તો આવાં નટનટીઓ તરફ અગજગજબનું આકર્ષણ ધરાવતાં હોય છે. મીઢા રાજકારણીઓને પ્રજાની આ નબળી નસ દબાવવાનું ફાવી ગયું છે. જયારે કોઈ પડકારરૂપ મોટા ગજાના પ્રતિસ્પર્ધીની કારકિર્દી રફેદફે કરવાનું ષડયંત્ર ગોઠવાય ત્યારે સિનેજગતનાં નટ-નટી બ્રહ્માસ્ત્રનું કામ કરે છે. રાજીવ ગાંધીએ કોંગ્રેસ છોડી ગયેલા ઉત્તરપ્રદેશના દિગ્ગજ નેતા હેમવતીનંદન બહુગુણાને હરાવવા માટે એમના લંગોટિયા મિત્ર અમિતાભ બચ્ચનનો હાથા તરીકે ઉપયોગ કર્યો હતો. બહુગુણાને હરાવી દેનારા સુપરસ્ટાર અભિનેતા માટે રાજકારણ તદન અજાણ્યું બલકે બિહામણું ક્ષેત્ર હતું. બોફોર્સ કાંડમાં ગાંધી પરિવાર સાથે અમિતાભ અને એના વિદેશવાસી ભાઈ અજિતાભનાં નામ ચર્ચાવા લાગ્યા ત્યારે ગભરાઈને અમિતાભે સંસદ સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું હતું. પાછળથી તપાસમાં અમિતાભ નિર્દોષ ઠર્યા હતા. પરંતુ ત્યાર પછી સક્રિય રાજકારણને એણે નવગજથી નમસ્કાર કરવાનું જ વલણ દાખવ્યું છે. બચ્ચનના ખરાબ સમયગાળામાં એમને અમરસિંહનામાધ્યમથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી મુલાયમસિંહની હૂંફ સાંપડી હતી. જયા બચ્ચન આજની તારીખે પણ સમાજવાદી પક્ષમાં રાજયસભાનાં સંદસ્યા છે. પરંતુ અમિતાભે રાજકારણમાં બાળાસાહેબ ઠાકરેથી લઈ નરેન્દ્ર મોદી સહિતના ગાંધી પરિવારના વિરોધીઓ સાથે ઘરોબો કેળવ્યા પછી પણ ચૂંટણી પ્રચારમાં જોડાવું પસંદ નથી કર્યું. ધાર્યું હોત તો મોદીએ એમને સીધા જ રાહુલ ગાંધી સામે અમેઠીની બેઠક પર ભાજપની ટિકિટ આપી દીધી હોત. પરંતુ એકવાર રાજકારણથી બરાબર દાઝેલા બચ્ચન તો ઊલટાના બીજા અભિનેતાઓને પણ રાજકારણથી સલામત છેટું રાખવાની સલાહ આપે છે. અમિતાભના સમોવડિયા સિનેનટ વિનોદ ખન્ના પંજાબની ગુરદાસપુરની બેઠક પર ભાજપની ટિકિટ પર છેલ્લી ત્રણેક ટર્મથી ચૂંટાતા રહ્યા છે, વચ્ચે કેન્દ્રીય રાજયમંત્રીપદ પણ મેળવેલું. આ વખતે પણ તેઓએ એમની ટિકિટ જાળવી રાખી છે. ધર્મેન્દ્ર ભાજપની ટિકિટ પર ચૂંટાયા પછી હવે નિવૃત્ત થઈ ગયા છે પરંતુ એમનાં અભિનેત્રી પત્ની હેમામાલિની મોદીને વડાપ્રધાન બનાવવા મથુરાની બેઠક લડી રહ્યાં છે. જયાપ્રદાએ અમરસિંહની વફાદારી જાળવી રાખી છે. સમાજવાદી પાર્ટીમાંથી ફેંકાઈ ગયા પછી તેઓએ હવે જૌનપુર બેઠકની અજિતસિંહની રાષ્ટ્રીય લોકદળની ટિકિટ મેળવી છે. ચંડીગઢ જેવી શહેરી બેઠક પર પૂર્વ રેલવે મંત્રી પવનકુમાર બંસલ સામે આમ આદમી પાર્ટી તરફથી ગુલ પનાગ અને ભાજપ તરફથી કિરણ ખેર ચૂંટણી લડી રહ્યાં છે. ભોજપુરી ફિલ્મ અભિનેતા રવિકિશનને કોંગ્રેસ મેદાનમાં ઉતાર્યા છે તો વળી મનોજ તિવારી અને શત્રુઘ્ન સિન્હા ભાજપના ઉમેદવારો છે. ભપ્પી લાહિરી પશ્ચિમ બંગની શ્રીરામપુર બેઠક પર અને પરેશ રાવલ અમદાવાદ પૂર્વની બેઠક પર કમળ ખીલવવા કૃતસંકલ્પ છે. દક્ષિણ ભારતના સિનેનટો પ્રમાણમાં વધુ લોકપ્રિય અને રાજકારણ ક્ષેત્રે સક્રિય છે. પરંતુ સો વાતની એક વાત એ કે આ સિનેક્ષેત્રના તારલા ફકત ચૂંટણી જીતવા પૂરતા જ જમીન પર ઊતરે છે, એ પછી તો પાંચ વર્ષ માટે એ બોલીવુડના આકાશમાં જ ટમટમતા રહે છે. પ્રજાએ આવા તારલાઓથી નહીં અંજાવું જોઈએ.

શિક્ષકો માટે જીપીએફને બંધ કરાતા વર્ધિત પેન્શન યોજના

ટૂંક સમયમાં આ યોજનાની હદમાં આવતા શિક્ષકોને ફોર્મ ભરવા માટેની જરૂરી પ્રક્રિયા શરૂ કરવા કહેવામાં આવશે

અમદાવાદ, તા.૨૭

રાજ્ય સરકારે શિક્ષકોની જીપીએફ યોજના બંધ કર્યા બાદ વર્ધિત પેન્શન યોજના લાગુ કરી છે. જેનાં પગલે દરેક મોટા શહેરોની નગર શાળા સમિતિ દ્વારા ટૂંક સમયમાં આ યોજનામાં દાયરામાં આવતા શિક્ષકોને ફોર્મ ભરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. અમદાવાદમાં પણ અંદાજે ૧૦૦૦ કરતા વધુ શિક્ષકોને આ યોજનાનો લાભ મળશે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગુજરાતમાં ભાજપ સરકારે વર્ષ ૨૦૦૫થી સરકારી કર્મચારીઓની પેન્શન યોજના તથા જીપીએફ યોજના બંધ કરી દીધી હતી. જે અંગે સરકારમાં ઘણી રજુઆતો બાદ અંતે સરકારે વર્ષ ૨૦૦૫ના એપ્રિલ માસથી ૧લી તારીખથી કાયમી થયેલા કર્મચારીઓ માટે વર્ધિત પેન્શન યોજના લાગુ કરી છે. જે મુજબ જે કર્મચારી પોતાના પગારમાંથી રૂપિયા ૧૦૦ કપાવશે, તો તેની સાથે રાજ્ય સરકાર રૂપિયા ૮૦ તથા મહાનગરપાલિકા રૂપિયા ૨૦ઉમેરી જમા કરાવશે.

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ફરજ બાજાવતાં અંદાજીત ૧૦૦૦ કરતા વધુ શિક્ષકો આ વર્ધિત પેન્શન યોજનાના દાયરામાં આવે છે જેથી ટૂંક સમયમાં આવા શિક્ષકોના ફોર્મ ભરાવવાની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે વર્ધિત પેન્શન યોજનાનો પ્રારંભ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓને જરૂરી પાસવર્ડ આપવામાં આવે છે ત્યારબાદ જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ વર્ધિત પેન્શન યોજનાનો પ્રારંભ કરી શકે છે ત્યારે હજી સુધી રાજ્ય સરકારે સમિતિને જરૂરી પાસવર્ડ આપ્યા નથી. જેથી તે મળ્યે શિક્ષકોને વર્ધિત પેન્શન યોજનાનો પ્રારંભ થનાર છે.

પુસ્તકના ભાવમાં ૨૦૦-૩૦૦ ટકાનો થયેલો નોંધપાત્ર વધારો

ધોરણ ૧થી ધોરણ પાંચમાં સેમેસ્ટર પદ્ધતિ લાગુ કરવામાં આવી છે જેથી ભાવ વધારી દેવામાં આવ્યા હોવાની દલીલ

અમદાવાદ, તા.૨૭

રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રાથમિક વિભાગના પાઠ્યપુસ્તકની કિંમતમાં ૨૦૦થી ૩૦૦ ટકાનો ભાવ વધારો કરાયો છે. પાઠ્યપુસ્તક દ્વારા નવા પાઠ્યપુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે જેના કારણે આ ભાવ વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ધોરણ ૧ થી ૫માં સેમેસ્ટર પદ્ધતિ લાગુ કરવામાં આવી છે જેના કારણે બંને સેમેસ્ટરના પાઠ્યપુસ્તકોના સેટના ભાવ વધારી દેવાયા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ મોંઘવારીનો સામનો કરી રહેલ મધ્યમવર્ગના લાખો લોકોનો બોજ હવે બાળકોનું ભણતર પણ વધારશે. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે પ્રાથમિકના પાઠ્યપુસ્તકો તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના કેટલાક વિષયોનાં પુસ્તકોના ભાવમાં ૨૦૦થી ૩૦૦ ટકાનો વધારો ઝીંકી દીધા છે. ધોરણ ૧ થી ૫માં આ વર્ષથી સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જેના લીધે પાઠ્યપુસ્તકોના સમગ્ર સેટના ભાવ વધારી દેવાયા છે. આ અંગે પાઠ્યપુસ્તક મંડળના કાર્યકારી ચેરમેન નીતિન પેથાણીએ જણાવ્યું હતું કે અગાઉ ૧૪ વર્ષ પહેલા ધોરણ ૧ થી ૫નાં પાઠ્યપુસ્તકોની કિંમત નક્કી થઈ હતી, જેથી તેમાં વધારો કરવો જરૂરી બની ગયો છે.

આ ઉપરાંત સમગ્ર અભ્યાસક્રમ બદલાઈ રહ્યો છે ત્યારે વર્તમાન સમયમાં મોંઘવારી, કાગળની કિંમતમાં ભાવ વધારો વગેરેને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકોની નવી કિંમતો નક્કી કરવામાં આવી છે જે આગામી પાંચ-સાત વર્ષ સુધી યથાવત રહેશે. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦ અને ૧૨ના પાઠ્યપુસ્તકોમાં પણ વધારો ઝીક્યો છે જે મુજબ ધોરણ ૧૦નાં સંસ્કૃતના પાઠ્યપુસ્તકની કિંમત રૂા. ૧૨ હતી તે વધારીને રૂા. ૪૪ કરી દેવામાં આવી છે, જયારે કોમ્પ્યુટરના પુસ્તકની કિંમત રૂા. ૩૫ હતી તે વધારીને રૂા. ૧૨૦ કરી દેવાઈ છે જયારે ધોરણ-૧૨ના કોમ્પ્યુટરના પાઠ્યપુસ્તકની કિંમત રૂા. ૪૬.૫૦ થી વધારી રૂા. ૧૦૫ કરી દેવાઈ છે.

બીજે મેડીકલમાં પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ભારે હોબાળો

અમદાવાદ, તા.૨૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ કોલેજોની પીજી મેડિકલની બેઠકો પર પ્રવેશ માટે આજે બીજે મેડીકલ કોલેજ ખાતે કાઉન્સિલીંગ હાથ ધરવામાં આવ્યું હતું પરંતુ પ્રવેશ સમિતી દ્વારા ૪૮ બેઠકો ઘટાડી દેવાઈ હોવાના આક્ષેપ સાથે વાલીઓએ કેમ્પસમાં હંગામો કર્યો હતો જેના લીધે પ્રવેશ પ્રક્રિયાને પ્રતિકુળ અસર થઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ લાંબા સમયના વિવાદ બાદ આખરે આજે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીજે મેડીકલ કોલેજ અને એનએચએલ મ્યુનિ. મેડીકલ કોલેજની પીજી મેડીકલની કુલ ૧૬૯ બેઠકો પર પ્રવેશ માટે આજે કાઉન્સલીંગ હાથ ધરવામાં આવ્યું હતું બીજે મેડીકલ કોલેજ ખાતે હાથ ધરાયેલ આ કાઉન્સીલીંગની પ્રક્રિયામાં પ્રવેશ પરીક્ષામાં પાસ થનાર કુલ ૫૯૦ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા જો કે પ્રવેશ સ્થળે પહોંચેલ ઉમેદવારોને માત્ર ૧૨૧ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવવાનો હોવાની જાણ થતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. વાલીઓનો આક્ષેપ હતો કે ઉમેદવારોને અન્યાય કરવામાં આવી રહ્યો છે. વાલીઓના હોબાળાના કારણે પ્રવેશ પ્રક્રિયા ખોરવાઈ ગઈ હતી. જેના કારણે પ્રવેશ સમિતીએ પોલીસ બોલાવવીને મામલો થાળે પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ કોલેજોમાં પીજીના અભ્યાસ માટે કુલ ૩૦૦ બેઠક આવે છે જેના માટે ગુજરાત યુનિવર્સિટીએ ગત ૨૫મી જાન્યુઆરીના રોજ પ્રવેશ પરીક્ષા યોજી હતી. આ પરીક્ષાનું પરીણામ ૧૮મી ફેબ્રુઆરીએ જાહેર કરાયું હતું પરંતુ પરીણામ બાદ પેપરમાં છ પ્રશ્નોમાં ભુલ હોવાને લઈ વિવાદ સર્જાયો હતો, જેના પગલે યુનિવર્સિટીએ તપાસ સમિતિ નિમીત્તે તપાસ કરાવતા પ્રશ્નોમાં ભુલ હોવાનું સામે આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

આ સિનિયર ઉમેદવારને, આ વખતે ટિકિટ ન મળી, એટલે, એમણે નવી ટિકિટ મળી છે તેવા ઉમેદવાર માટે ક્લાસ ખોલ્યા છે કે શું કરવાથી એમની સાથે ભવિષ્યમાં આવું ન થાય...!!

ક્રિકેટ ટુર્નામેન્ટ ડૉ. આંબેડકર કપ ૨૦૧૪નું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

જીવનશિલ્પ સંદેશ, ગાંધીનગર અને સમસ્ત ગુજરાત દલિત સમાજ સેવા, અમદાવાદ દ્વારા બે વર્ષની ભવ્ય સફળતા બાદ સતત ત્રીજીવાર ક્રિકેટ ટુર્નામેન્ટ 'ડૉ. આંબેડકર કપ ૨૦૧૫'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્દેશ સમસ્ત અનુસૂચિત જાતિના યુવાનોને ક્રિકેટના માધ્યમ દ્વારા સંગઠિત કરવાનો છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટનું ફોર્મ www.facebook//Dr.AmbedkarCup2014 પરથી અથવા પ્લોટ નં. ૧૮૧/૧, સેક્ટર-૫-એ, ગાંધીનગર ખાતે મેળવી શકશો. ફોર્મ ભરવાની આખરી તારીખ ૮ એપ્રિલ ૨૦૧૪ છે. ટુર્નામેન્ટ ૧ મે ૨૦૧૪થી ગાંધીનગર ખાતે યોજાશે. વધુ માહિતી માટે મો. ૭૬૦૦૦ ૦૮૭૪૭, ૮૪૬૦૫ ૪૮૦૪૧, ૯૬૬૨૯૯૮૮૮૮ સંપર્ક કરવો.

યુથ હોસ્ટેલ એસોસિએશન યુવાનો માટે માઉન્ટઆબુમાં એડવેન્ચર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે સમર વેકેશનમાં વિદ્યાર્થીઓ માટે યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા માઉન્ટઆબુ-રાજસ્થાન ખાતે એડવેન્ચર કેમ્પ યોજવામાં આવશે.

બાળકો અને યુવાનો વેકેશનમાં પ્રવૃત્તિમય બને તે માટે યુથ હોસ્ટેલ એસોસિએશન તા. ૨૪ થી ૨૮ એપ્રિલ સુધી એડવેન્ચર કેમ્પ યોજશે. કેમ્પમાં જંગલ ટ્રેકિંગ, રેપલિંગ, ટોક ફલાઈમીંગ, રીવર ક્રોસિંગ, કેવિન, કાઉલિંગ, હોર્સ રાઈડીંગ, રાઈફલ શુટીંગ જેવી પ્રવૃત્તિઓ કરાવશે.

એસોસિએશન દ્વારા હિમાલય, કુલુ મનાલી, જેવી જગ્યાઓએ પણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં જોડાવા ઈચ્છતા યુવાનોએ જયંતિ સાધુ, મિતુલ કનાડા અને ચેતન નિમાવત-૯૪૨૬૪૦૧૭૦૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટે સમગ્ર રાજયમાં બીજું સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં સેકટર-૭ સ્થિત અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ કોલેજ ચલાવવામાં આવે છે. જેમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ડિસેમ્બર-૧ ૩માં એમસીએની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષામાં સેમ-૧ અને સેમ-૨માં ચૌધરી કોલેજે બાજી મારી દ્વિતીય સ્થાન મેળવ્યું છે. જે સંસ્થા માટે ગૌરવની વાત છે. બીજું સ્થાન મેળવવાથી મંડળ તરફથી શિક્ષકગણને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

મસ્તી, માધુર્ય અને મિજાજસભર સૂરોનું શિવરંજનીનું નવતર નઝરાણું

પ્રસંગસર
ભરત કવિ

ગાંધીનગરની સંગીતની તૃષાને છીપાવવા માટે દાયકાઓથી સૂર-તાલ, શબ્દ અને લયની અવિરત આરાધના- ઉપાસનામાં અહુર્નિશ સમર્પિત થઈને, નગરમાં સંગીત પ્રેમીઓને સંગીતની સુમધુર સુરાવલિ- સરગમનું માધુર્ય સભર અણમોલ, આહલાદક નઝરાણું પેશ કરવાનું જેનું એકમાત્ર ધ્યેય-લક્ષ્ય રહ્યું છે, તમામ પ્રકારના નિર્ભેળ, શુદ્ધ સંગીતની આગવી પ્રસ્તુતી કરવાની એક અનોખી પરંપરા રહી છે તેવી સંગીતની સેવાની જેને કાયમ ધખના-ઝંખના છે તેવી ગાંધીનગરની એકમાત્ર ભેખધારી સંસ્થા એટલે શિવરંજની...



ગાંધીનગરના સંગીત રસિકોને સુગમ સંગીત, શુદ્ધ શાસ્ત્રીય સંગીત, સેમી કલાસીકૂલ મ્યુઝીક, લોકસંગીત, ફિલ્મી સંગીત, વાદ્યસંગીત અને ભાતીગળ, નૃત્યકલાના પણ ચીર સ્મરણીય વિવિધ કાર્યક્રમોની રસલ્હાણ શિવરંજની પોતાના સંસ્કારી, સંગીત રસિક સભ્યો- ભાવકોને કરતી આવી છે... તે શ્રૃંખલા-શ્રેણી અંતર્ગત તાજેતરમાં તા. ૨૨-૩-૨૦૧૪ના રોજ રાત્રે ટાઉન હોલ ખાતે ભારતીય ફિલ્મના ત્રણ અમર પાશ્વગાયક જેમાં મસ્તીના ગાયક મહમંદ રફી, માધુર્યના ગાયક મુકેશ અને મિજાજના ગાયક- માલિક મન્નાડે ના મધુર ગીતોના ત્રિવેણી સંગમ સમો એક શાનદાર-યાદગાર સંગીતનો આહ્લાદક જલસો યોજવામાં આવ્યો હતો. જેના મધુરતમ, દિવ્યતમ અને સ્વર્ગીય સૂરોની મીઠી ગૂંજ આજે પણ ટાઉનહોલમાં તેમજ શ્રોતાઓના દિલોગિમાગમાં પડઘાઈ રહી છે.

ભારતના હિંદી ફિલ્મી ગીતોના અમર ગાયકની ત્રિપુટી-ત્રિદેવ સ્વરૂપે ગુજરાતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સ્વર સાધકો એટલે વોઈસ ઓફ રફી: બંકિમ પાઠક, વોઈસ ઓફ મુકેશ : અસિત વોરા અને વોઈસ ઓફ મન્નાડે અનિકેત ખાંડેકર અને તેમનાજ નકશે કદમ પર પોતાની મધુર સુરાવલીઓની મલેકા એટલે દક્ષાબહેન ગોહિલ અને આનલ વસાવડા.

આમ, સંગીતની આ મહેફિલ-મિજલસ એટલે શિવરંજની પ્રસ્તુત મસ્તી-માધુર્ય અને મિજાજનો ત્રિવેણી સંગમ અર્થાત સૂર કાલ અને શબ્દનો અદ્‌ભુત નજારો...

તો ચાલો, આ દિવ્ય અને ભવ્ય સંગીતની સરગમમાં સહુ સરીક થઈએ.. શિવરંજનીના આ સૂર-તાલ અને શબ્દનો મધુરત શુભારંભ કરાવ્યો ગુજરાતની કોકીલ કંઠી સ્વર સામ્રાજ્ઞા જેને સૌ ગુજરાતની લત્તા મંગેશકર તરીકે ય પિછાણે છએ એવી આંતરરાષ્ટ્રીય સ્તરની ફનકારા દક્ષા ગોહિલ. મસ્તી, માધુર્ય અને મિજાજના અમર-મધુર ગાયકો મહમંદ રફી, મુકેશ અને મન્ના ડે ના મીઠા સુરોને પોતાનો સ્વર આપ્યો ફનકાર બંકિમ પાઠક, અસિત વોરા અને અનિકેત ખાંડેકરે. પ્રસ્તુત આ સંગીતની સફરમાં રેલાયેલી મધુરી સુરાવરીઓની એક આછેરી ઝલક :

લત્તા મંગેશકરે ગાયેલું ફિલ્મ : યે રાત ફિર ના આયોગીનું- નૈના બરસે રીમઝીમ, રીમઝીમ, પિયા તોરે આવનકી આશ..., ગીતની સુંદર, સુમધુર પ્રસ્તુતિ કરીને દક્ષા ગોહિલે ટાઉન હોલમાં ખીચોખીચ ભરેલા શિવરંજનીના સંગીત પ્રેમી-સુજ્ઞ પ્રેક્ષકોની રૂચિ- સમજને દાદ આપી, બિરદાવીને સંગીતનો અદ્‌ભુત માહોલ ખડો કરી દીધો. લત્તાજીના ગાયેલા એવા જ એક સુમધુર ગીતની શાનદાર રજૂઆત કરી દક્ષા ગોહિલે જેનો મિસરો છે- યે ગી વો જગા હૈ યેહી વો ફિજા હૈ યેહી પર કભી આપ હમ સે મિલે થે, ફિલ્મ દિલ ભી તેરા હમ ભી તેરે. મીઠાસ-માધુર્ય અને કારૂણ્યનો સુભમ સંગમ એટલે અમર ગાયક : મુકેશ ફિલ્મ -બાબુલનું અત્યંત જાણીતું ગીત ગાયું અમદાવાદના પૂર્વ મેયર પણ મુકેશનો ઘેઘૂર, દીર્દીલો અને મધુત સૂર જેઓએ આત્મસાત કર્યો છે તેવા અસિત વોરાએ તેમના સૂરના કામણ પાથરીને જે ગીત રજૂ કર્યું તેના શબ્દો છે- ધરતી કો આકાશ પુકારે... આજા આજા પ્રેમ દુવારે... અને બીજું ગીત : ગાયે જા ગીત મિલન કે, તું અપની લગન કે સજન ઘર જાના હૈ...ની ભાવવાહી પ્રસ્તુતીથી સમગ્ર પ્રેક્ષકો સાથે જ ઝુમી ઊઠ્યા.. એઠલું જ નહીં પણ અસિત વોરાની હારોહાર સૂર પણ પુરાવ્યો અને આમ પણ મુકેશજીના દર્દીલા કર્ણપ્રિય સહુને ગાવા ગમતાં જ હોય છે ને.. ફિલ્મ બાબુલના બે ગીતો પછી અસિત વોરાએ ફિલ્મ : કભી કભઈનું વિખ્યાત ટાઈટલ સોંગ પણ એટલી જ મધુરતાથી રજૂ કર્યું. મુકેશના સોલો ગીત પછીી ફિલ્મ: મિલનના અત્યંત પ્રસિદ્ધ યુગલ ગીત : સાવકા મહિના પવન કરે સોર..ને ગાયક બેલડી અસિત વોરા અને દક્ષા ગોહિલે ગાઈને શ્રોતાઓને ડોલાવી દીધા...

માધુર્ય ભરેલાં મોહક-મીઠાં ગીતો પછી મિજાજના માલિક, અમર ગાયક, શાસ્ત્રીય રાગો આધારીત ગીતોની ઉત્તમ, અદ્‌ભુત માવજત કરનારા, અદ્‌ભુત અને અવિનાશી- અવિસ્મરણીય ગીતોના માણીગર એટલે મન્નાડે. હિંદી ફિલ્મોમાં સૌથી ઓછાં છતાંય યુગો સુધી કાળજયી નિવડી રહેનારા, લાજવાબ ગીતોના ગાનાર મન્નાડે. સૂર, લય અને શબ્દને પોતાના સ્વરમાં સૂરમયી બનાવનારા, અનોખા- આગવા કલાકાર એટલે જ ભાઈશ્રી અનિકેત ખાંડેકર... આંખો બંધ કરીને સાંભળીએ એટલે એવું જ લાગે કે જાણે મન્નાડે ફરીથી પૃથ્વી પર આવ્યા કે શું.. અનિકેત ખાંડેકરની ગાયકી, પ્રસ્તુતિ અને રજૂઆતને જેટલી પોંખીએ, વધાવીએ એટલી ઓછી છે. તેઓએ મન્નાડેના અનોખા, યાદગાર, અદ્‌ભુત ગીતોનો મહેકતો, ગુલદસ્તો પેશ કરીને શ્રોતાઓને જાણે સૂરોની સમાધિમાં લીન કરી દીધાં. ભાવવિભોર કરી દીધાં અને તેમના પ્રત્યેક ગીતો વન્સમોર કરવા માટે પ્રેક્ષકોએ ભરપૂર પ્રયત્નો કર્યા. પણ સમયની પાબંદીના કારણે વન્સમોર ના બદલે વનમોર ના સિલસિલાથી તેમણે સદાબહાર ગીતો રજૂ કર્યા જે આ મુજબ છે.

ફિલ્મ : મેરી સૂરત તેરી આંખોનું- પૂછો ન કૈસે મેં ને રાત બિતાઈ, ફિલ્મ કાબૂલીવાલાનું - અય મેરે બિછડે ચમન, ફિલ્મ બૂટ પોલિશનું અજોડ ગીત- લપક ઝપક તુ આરે બદરવા.. મન્ના ડે ના ગીતોના દોર બાદ અનિકેત ખાંડેકરની સમર્થ શિષ્યા, આનલ વસાવડા જે અત્યારની શ્રેષ્ઠતમ મધુરી ફનકાર તરીકે પ્રશંસા પામી છે તેવી કોકિલ કંઠી ગાયિકા એટલે આનલ વસાવડા. તેને અનેકવાર, વારંવાર સાંભળ્યા છતાંય ફરી ફરીને સાંભળવા-માણવા, ગણગણવા તેવા મધમીઠાં ગીતોની રસલ્હાણ કરીને આનલ વસાવડાએ પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી દાદ મેળવી. આનલ વસાવડાએ ફિલ્મ ચોરી ચોરીનું- રસિક બલમા દિલ કયું લગાયા, ફિલ્મ મહુલનું સંગીતકાર ખેમચંદ પ્રકાશનું મશહૂર ગીત - આયેગા આયેગા આનેવાલા ગાઈને સહુને મોહી લીધાં..



માધુર્ય (મુકેશ), મિજાજ (મન્ના ડે) અને ત્યાર પછી મસ્તીના અમર ગાયકમહમંદ રફી કે જેણે સૌથી વધુ હિંદી ફિલ્મોના ગીતો ગાવાનો એક અનોખો વિક્રમ સ્થાપ્યો છે એટલું જ નહીં પણ હિંન્દી ફિલ્મી જગતના તમામ કલાકારોને જેમણે પોતાનો સ્વર આપ્યો છે તેવા ગૌરવશાળી કલાકાર એટલે મહમંદ રફી. ગુજરાતના જ નહીં, ભારતના જ નહીં બલ્કે વિદેશોમાં પણ જેમની પહેચાન વોઈફ ઓફ રફીની છે તેવા ફનકાર, ગાયક બંકિમ પાઠકે પણ ફિલ્મ : મેરે સનમનું- પુકારતા ચલા હું મૈં, ગલી ગલી બહાર કી, ફિલ્મ ચૌદહવીકા ચાંદનું- ચૌદહવીકા ચાંદ હો, યા આફતાબ હો, જો ભી હો તુમ લાજવાબ હો...ની સુંદર રજૂઆતથી રફીના ચાહકોને તૃપ્ત કર્યા. રફી સાહેબના બંકિમ પાઠકે ગાયેલા સોલો ગીત પછી ફિલ્મ : દિલને ફિર યાદ કિયાનું એક ટ્રાયો સોંગ જેનાં રફી, મુકેશ અને સુમન કલ્યાણપુરનો સ્વર હતો તેને આ કાર્યક્રમમાં બંકિમ પાઠક, અસિત વોરા અને આનલ વસાવડાએ બખૂબી પેશ કરીને જમાવટ કરી દીધી. અત્રે એ ઉલ્લેખ કરવો રહ્યો કે બંકિમ પાઠકની તબિયક કાંટે નહોતી (સારી-ઠીક નહોતી) છતાંય તેઓએ પોતાનો ગાયક-કલાકારનો ધર્મ તો સુપેરે નિભાવ્યો...

કાર્યક્રમના બીજા દોરામાં અસિત વોરાએ ફિલ્મ: કટી પતંગનું જીસ ગલીમેં તેરા ઘરના હો બાલમા, ઉસ ગલીમેં હમેં તો ગુજરના નહીં, ફિલ્મ સંગમનું- દોસ્ત દોસ્ત ના રહા... ફઈલ્મ દિલ ભી તેરેનું મુઝકો ઈસ રાત કી તન્હાઈમેં આવાજ ના દો અને ફિલ્મ સંગમનું - ઓ મેરે સનમ, ઓ મેરે સનમનું યુગલ ગીત દક્ષા ગોહિલ સાથે રજૂ કર્યું. એ જ પ્રમાણે બીજા દોરમાં મન્નાડેના ખૂબ જ સુંદર - મશહૂર ગીતોને પોતાના સુમધુર કંઠે અનિકેત ખાંડેકરે સાચેસાચ તમામ શ્રોતાઓને આફરીન -ઓળઘોળ કરી દીધા. તેમ કહેવા લખવામાં જરીકે ય અતિશોયક્તિ કે પ્રશસ્તી નહીં જ લેખાય. જેમાં તેઓએ ફિલ્મ: મેરે હુજુરનું- ઝનક ઝનક તોરી બાજે પાયલિયા અને ફિલ્મ: નવરંગનું - તુ છૂપી હૈ કહાં... મેં તડપતાં યહાંની જબરજસ્ત રજૂઆત અમિત વસાવડાની સંગે કરી...

અનિકેત ખાંડેકરે જેને સંગીતની તાલીમ આપીને જગતના ચોકમાં જેની મધુરતાનો પરિચય કરાવ્યો છે તેવી મલ્લીકાએ - ચોકમાં તરન્નુમ, ફનકાર આનલ વસાવડાએ ફિલ્મ: આયે દિન બહાર કે- સુનો સજના પપીહેને કહા સબકો પુકાર કે જેવું સુરીલું ગીત ગાઈને સહુને રસતરબોળ કર્યા.

વોઈસ ઓફ લત્તા તરીકે ખ્યાત દક્ષા ગોહિલે પણ બીજા દોરમાં ફિલ્મ: વકતનું આગે ભી જાને ના દું, પીછે ભી જાને ના દું, ફિલ્મ : ગાઈડનું તેરે મેરે સપને અબ એક રંગ હૈ, અને ફિલ્મ શોલા ઓર શબનમનું - જીત હીં લેગ બાજી હમતુમ, ખેલ અધુરા છૂટેનાનું યુગલ ગીત બંકિમ પાઠક સાથે રજૂ કર્યું. સંગીતની મહેફિલની અગલી પાદાન પર કોકિલ કંઠી આનલ વસાવડાએ ફિલ્મ સતી સાવિત્રીનું- તુમ ગગન કે ચંદ્રમા હો, મેં ધરા કી ધૂલ હું અત્યંત કર્ણપ્રિય, હૃદયસ્પર્શી, ભાવસ્વભર ઢબે ગાઈને શ્રોતાઓમાં છવાઈ ગઈ. સંગીતની સૂરાવલી-સરગમના આખરી પડાવે રાગ ભૈરવીમાં અનિત ખાંડેકરે લાગા ચુનરી મેં દાગ, છુપાઉં કૈસે, ઘર જાઉં કૈસે, ફિલ્મી : દિલ હી તો હૈ નું ગીત ગાઈને પ્રત્યેક શ્રોતાઓને સૂર-તાલ, લય અને શબ્દમાં ગરકાવ કરી દીધાં.. સમાધિસ્થ કરી દીધા...

શિવરંજની પ્રયોજિત આ સંગીત સમારોહનું અત્યંત સુંદર, સુચારૂ સફળ અને શોરોશાયરીથી તબતર સંચાલન કર્યું મોહસીન શેખે. કાર્યક્રમનું છોગું ગણાય, શિરમોર કહેવાય તેવા આ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રાનું સમગ્ર સંગીત સંચાલન સંગીતકાર સંદીપ ક્રિશ્ચયને કર્યું. સંગીત સંચાલનમાં તેમના સાથીઓ, સાજંદાઓમાં બેઝ ગિટારવાદક સમીપ સ્વાદિયા, લીડ ગિટાર વાદક નંદન પુરોહિત, કી-બોર્ડ ઉપર ફ્રેન્કી, ફલુટ વાદક શાંતન ફર્નાન્ડિ